પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬

## ૪૩૬.સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિની બેઠકઃ–

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિની બેઠક બુધવાર, તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ સવારના ૧૦–૩૦ કલાકે ગુજરાત વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડ–૩ માં મળી હતી.

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિએ પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સતત ૧૫ દિવસ કે ૧૫ દિવસ કરતાં વધુ દિવસ ગેરહાજર રહેલ સભ્યશ્રીની ગેરહાજરી અંગેની અરજી પર વિચારણા કરી હતી અને આ સભ્યશ્રીની ગેરહાજરી માફ કરવાનો નિર્ણય કરી તેના ચોથા અહેવાલને સર્વાનુમતે મંજૂર કર્યો હતો. જેને તા.૧૧/૦૯/૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા સચિવાલય.**